# વિરોધ પક્ષના નેતા (રાજ્ય સભા) શ્રી અરૂણ જેટલીની ફેસબુક પોસ્ટ

કેન્દ્ર સરકારે ગુજરાત સરકાર દ્વારા કથિત જાસુસી કર્યાના આક્ષેપોની તપાસ કરવા માટે પંચ સ્થાપવાની જાહેરાત કરી છે. આ પગલું રાજકીય પ્રેરિત છે. કોંગ્રેસ પક્ષને તાજેતરમાં ચૂંટણીમાં પરાજયની પછડાટ મળી છે છતાં તેઓએ તેમાંથી બોધપાઠ લીધો નથી. નરેન્દ્ર મોદી સામે અત્યાર સુધી તપાસ એજન્સીઓ દ્વારા તપાસ કરાઈ હવે એક પંચ દ્વારા તપાસ થશે.

ગુજરાત સરકારે પહેલેથી જ આ મુદ્દે તપાસ માટે એક કમિશનની સ્થાપના કરી છે. દેખીતી રીતે એક કરતાં વધુ રાજ્ય આવરી આ મુદ્દાને ચગાવવા કેન્દ્ર સરકાર દ્વારા સમાંતર પંચની કરાયેલી રચના પાયાહીન છે. આ પગલું શંકાસ્પદ અને પડકારજનક છે . હું તેને કાયદેસર રીતે કોર્ટમાં પડકારવામાં આવશે ખાતરી છું. આવા પંચની રચના બંધારણના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન કરે છે. તે રાજ્યો માટે એક કલંક છે .

અન્ય મુખ્ય પ્રધાનો પણ આ પગલા સામેના વિરોધમાં જોડાય એવી હું આશા રાખું છું.